1. I have done some of the work _______ is left for you (Select the right option)

(A) the rest
(B) much
(C) a few
(D) some

2. _______ had I spoken than he left. (Select the right option to fillup the gap)

(A) Hardly
(B) Scarcely
(C) No sooner
(D) As soon as

3. What is the antonyms of 'Intolerable' ?

(A) Acceptable
(B) Negligible
(C) Bearable
(D) Aggreable

4. 'Displayed' (Find out the word which is most nearly the same in meaning)

(A) Exhibited
(B) Kept
(C) Rested
(D) Removed

5. Read the sentence and find out the error, if any

'I have two sister-in-laws whose husbands are all well settled in Delhi.'

(A) I have
(B) two sister-in-laws
(C) whose husbands
(D) are all well settled in Delhi

6. The passive voice of "The people attacked the police."

(A) The police was attacked by the people
(B) The police was being attacked by the people
(C) The police were attacked by the people
(D) The police had been attacked by the people

7. What is the correct indirect form : "Let me go now"

(A) He requested me to let him go then.
(B) He requested me that he should go then.
(C) He suggested me that he should go then.
(D) He asked me to let him go then.

8. 'To put off' means ....

(A) to cancel
(B) to postpone
(C) to oppose
(D) to enjoy

9. _______ you apologize I shall punish you.

(A) Until
(B) Unless
(C) till
(D) None of these

10. When did you reach _______ the station ?

(A) to
(B) at
(C) on
(D) No preposition

11. ઉંચો ગ્લાયસેમિક ઇન્ડેક્સ કયા પદાર્થનો નથી ?

(A) જસ્મીન સફેદ ચોખા
(B) સફેદ બ્રેડ
(C) રાજમા બીન્સ
(D) મકાઈના પૌવા

12. નીચે જણાવેલ પૈકી કયું આવશ્યક એમિનો એસીડ નથી ?

(A) ગ્લુટામીન
(B) આઈસોલ્યુસાઈન
(C) લ્યુસાઈન
(D) લાઈસીન

13. નીચે જણાવેલ પૈકી કયું આવશ્યક ચરબીજ એસિડ છે ?

(A) સ્ટીયરીક એસિડ
(B) ઓલિક એસિડ
(C) થામીટિક એસિડ
(D) લીનોલિક એસિડ

14. રોજિંદા આહારમાં 2000 કિલો કેલરી દીઠ કેટલા ગ્રામ આહારી ફાઈબર લેવા જોઈએ ?

(A) 30
(B) 40
(C) 25
(D) 20

15. વનસ્પતિજન્ય ખોરાકમાં કયું વિટામીન હોતું નથી ?

(A) વિટામીન - એ
(B) વીટામીન - સી
(C) વિટામીન - ડી
(D) વિટામીન - બી

16. દારૂની લતવાળા લોકોને કયા વિટામીનની ઉણપ સર્જાય છે ?

(A) રીબોફ્લેવીન
(B) નાયાસીન
(C) થાયમીન
(D) સાઈનોકોબાલામીન

17. વિટામીન $B_{12}$ માટે કયું વિધાન ખોટું છે ?

(A) આ વિટામીન DNA બનાવવા માટે જરૂરી છે.
(B) આ વિટામીનની ખામીથી સિકલસેલ એનિમીયા થાય છે.
(C) આ વિટામીનની ખામીથી ચેતાતંત્રને નુકશાન થાય છે.
(D) આ વિટામીન સાઈનોકોબાલામીન તરીકે ઓળખાય છે.

18. વિટામીન C માટે કયું વિધાન સાચું નથી ?

(A) તેની ઉણપથી સ્કર્વી નામનો રોગ થાય છે.
(B) વિટામીન C ની ઉણપ થતા રોગમાં હાડકાના સાંધામાં દુઃખાવો થાય છે.
(C) વિટામીન C ની ઉણપથી ઘા માં રૂઝ મોડી આવે છે.
(D) વિટામીન C ફણગાવેલા કઠોળમાં હોતું નથી.

19. નીચે જણાવેલા ખાદ્યપદાર્થો પૈકી કયા પદાર્થમાં ગોઈટર ઉત્પન્ન કરતાં તત્ત્વો હોતા નથી ?

(A) અનાજ અને કઠોળ
(B) કોબીજ
(C) મૂળો
(D) ફ્લાવર

20. 1 થી 5 વર્ષના બાળકોમાં બાવડાના મધ્યસ્થ ભાગનો કેટલા સે.મી. નો ઘેરાવો સંતોષકારક પોષણસ્તર બતાવે છે ?

(A) 12.5
(B) 13.5
(C) 11.5
(D) 9.5

21. વાયુપ્રદૂષણ અટકાવવા અને નિયંત્રણનો કાયદો કઈ સાલથી અમલમાં આવ્યો ?

(A) 1981
(B) 1974
(C) 1971
(D) 1986

22. પર્યાવરણ સુરક્ષા કાયદાના ભાગનો ગુન્હો સાબિત થયા પછી જો આવો કાનૂનભંગ 1 વર્ષથી વધારે સમય ચાલે તો તેની જેલની સજા કેટલા વર્ષ સુધી લંબાવી શકે છે ?

(A) 12
(B) 10
(C) 7
(D) 9

23. ઓછામાં ઓછા કેટલા ડેસીબલ અવાજથી કાનમાં દુઃખાવો ઉત્પન્ન થાય છે ?

(A) 120
(B) 140
(C) 150
(D) 160

24. નીચે જણાવેલા વાયુપ્રદુષકો પૈકી દ્વિતિય પ્રકારના પ્રદૂષક જણાવો.

(A) નાઈટ્રોજન ડાયોક્સાઈડ
(B) સલ્ફર ડાયોક્સાઈડ
(C) કાર્બન મોનોક્સાઈડ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

25. નીચે જણાવેલ પૈક કયો વાયુ ગ્રીનહાઉસ ગેસ નથી ?

(A) કાર્બન ડાયોક્સાઈડ
(B) મિથેન
(C) સી.એફ.સી.
(D) સલ્ફર ડાયોક્સાઈડ

26. પાણીમાં આયર્ન અને નાઈટ્રાઈટની અશુધ્ધિઓ હોય તો પાણીમાં મુક્ત અવશેષ ક્લોરીનની માત્રા જાણવા માટે કયો ટેસ્ટ કરવામાં આવે છે ?

(A) ઓર્થોટોલ્યુડીન આર્સેનાઈટ ટેસ્ટ
(B) ઓર્થોટોલ્યુડીન ટેસ્ટ
(C) સ્ટાર્ચ આયોડાઈડ ટેસ્ટ
(D) ટર્બીડીટી ટેસ્ટ

27. ફિલ્મબેઝ ડોઝીમીટરનો ઉપયોગ શું માપવા માટે થાય છે ?

(A) અપ્રત્યક્ષ પ્રકાશની માત્રા
(B) દવાની માત્રા
(C) કરેડિયેશન (વિકિરણ)
(D) ઘોંઘાટની માત્રા

28. કેમ્પ સેનીટેશન માટે સામાન્યરીતે કેટલા લોકો વચ્ચે એક શૌચાલય હોવુ જરૂરી છે ?

(A) 15
(B) 12
(C) 17
(D) 14

29. બાયોમેડકલ વેસ્ટ નિયમ મુજબ તૂટી ગયેલ કાચની વસ્તુઓ કેવા રંગના કન્ટેનરમાં સંગ્રહ કરવામાં આવે છે ?

(A) પીળા
(B) લાલ
(C) સફેદ
(D) વાદળી

30. જમીનના બેક્ટેરીયા રોગકારક જીવાણુનો નાશ કેટલા મીટર ઉંડાઈ સુધી કરી શકે છે ?

(A) 2.5 મી.

(B) 1 મી.

(C) 3.5 મી.

(D) 4.5 મી.

31. પાણીમાં રહેલા આયન અને મેંગેનીઝના સંયોજનોને પાણીમાંથી દૂર કરવા માટે કઈ પ્રક્રિયા ઉપયોગી છે ?

(A) સેડીમેન્ટેશન (કારણ)

(B) પ્રેસીપીટેશન

(C) ફ્લોક્યુલેશન

(D) વાયુમિશ્રણ (એરેશન)

32. સપાટીજળમાંથી ડહોળાપણું, રંગ અને લીલ દૂર કરવા માટે કઈ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) એરેશન

(B) ક્લોરીનેશન

(C) કોએગ્યુલેશન અને ફ્લોક્યુલેશન

(D) ડાયલ્યુશન

33. પાણીના શુધ્ધિકરણ માટે કયો પદાર્થ સૂકા વાતાવરણમાં ઘણા મહિનાઓ સુધી જળવાઈ રહે છે ?

(A) સોડીયમ ક્લોરાઈડ

(B) કેલ્શીયમ ક્લોરાઈડ

(C) કેલ્શીયમ હાઈપોક્લોરાઈડ

(D) સોડીયમ હાઈપોક્લોરાઈડ

34. નેનો ફિલ્ટરેશનની મેમ્બ્રેનમાંથી શું પસાર થઈ શકે છે ?

(A) મોનોવેલન્ટ આયન

(B) ડાયવેલન્ટ આયન

(C) રોગકારક જીવાણુ

(D) વાયરસ

35. સામાન્ય અને યુ.વી. લેમ્પની આયુષ્ય મર્યાદા કેટલી હોય છે ?

(A) 6 થી 7 માસ

(B) 4 વર્ષ

(C) 20 થી 25 માસ

(D) 10 થી 12 માસ

36. પરંતપરાગત લેટ્રીનથી વી.આઈ.પી. લેટ્રીન કઈ રીતે જૂદુ પડે છે ?

(A) સેપ્ટીક ટેન્કના સિધ્ધાંતો પર વી.આઈ.પી. લેટ્રીન કામ કરે છે.

(B) આર.સી.એ. પ્રોજેક્ટ અંતર્ગત બનાવવામાં આવે છે.

(C) વી.આઈ.પી. લેટ્રીનમાં હવાપાઈપ હોય છે.

(D) હાલના વી.આઈ.પી. લેટ્રીનનો ઉપયોગ થાય છે.

37. સેપ્ટીક ટેન્ક બાબતમાં કયું વિધાન સાચું નથી ?

(A) સેપ્ટીક ટેન્કમાં સાબુ અને કેમીકલનો ઉપયોગ ટાળવો જોઈએ.

(B) સેપ્ટીક ટેન્કમાં વ્યક્તિદીઠ વધુમાં વધુ 2 લીટર દરરોજ પાણી જવું જોઈએ.

(C) સેપ્ટીક ટેન્કમાં વ્યક્તિદીઠ વધુમાં વધુ 25 લીટર પાણી જવુ જોઈએ.

(D) મેન હોલ હોવું જરૂરી છે.

38. સુએઝ ટ્રીટમેન્ટ પ્રક્રિયામાં એનએરોબીક પ્રોસેસ કઈ છે ?

(A) યુ.એસ.એ.બી. (U.S.A.B.)
(B) એક્ટીવેટેડ સ્લજ પ્રોસેસ
(C) ટ્રીકલગ ફિલ્ટરેશન
(D) પ્રાયમરી ટ્રીટમેન્ટ

39. સુએઝની તૃતીય પ્રકારની સારવારમાં શેનો સમાવેશ થતો નથી ?

(A) એક્ટીવેટેડ કાર્બન ફિલ્ટર
(B) ક્લોરીન ગેસનો ઉપયોગ
(C) મેમ્બ્રેન પ્રોસેસ
(D) ગ્રીટ ચેમ્બર

40. કઈ યાંત્રિક વાયુસંચાર વ્યવસ્થા સૌથી સરળ અને ઓછી ખર્ચાળ છે ?

(A) પ્લેનમ વ્યવસ્થા
(B) સંયુક્ત અથવા સમતોલ વ્યવસ્થા
(C) એક્ઝોસ્ટ વ્યવસ્થા
(D) એરકંડીશનીંગ

41. ફીકોઓરલ રૂટથી થતા પાચનતંત્રના રોગો અટકાવવા માટે કઈ બાબત મહત્વની છે ?

(A) માસ્ક
(B) સેનીટેશન બેરીયર
(C) સ્વચ્છ પોષાક
(D) વૃક્ષારોપણ

42. નીચે જણાવેલ પૈકી કયો ચેપી રોગ સ્પાયરોકીટ્સથી થાય છે ?

(A) મદુરા ફૂટ
(B) ટ્રેકોમા
(C) ક્યુ ફીવર
(D) સિફિલીસ

43. હુકવર્મના લાર્વા જમીન ઉપર શેના દ્વારા મરી જાય છે ?

(A) સીધો સૂર્યપ્રકાશ
(B) જમીન પરનો ભેજ
(C) 40° C સેન્ટીગ્રેડ તાપમાન
(D) રેતાળ જમીન

44. રીફ્ટવેલી ફીવર કયા વાહકથી સંચારિત થાય છે ?

(A) એડિસ
(B) મેન્સોનિયા
(C) ક્યુલેક્સ મચ્છર
(D) કીલની

45. કઈ દવા સંધિપાદના નિયંત્રણ માટે વપરાય છે ?

(A) ઝીંક ફોસ્ફાઈડ
(B) મેલેથિયોન
(C) ક્રેસોલ
(D) બ્લીચીંગ પાવડર

46. ક્ષયની સારવારમાં પાઈરાઝીનેમાઈડ દવાની આડઅસર ...

(A) ચેતાતંત્રમાં સોજો આવે
(B) પેશાબ લાલ કલરનો થાય
(C) રંગ અંધત્વ
(D) લોહીમાં યુરિક એસિડનું પ્રમાણ વધારે

47. હૃદયરોગ માટે કોલેસ્ટોરોલનું કેટલું પ્રમાણ (મિ.ગ્રા./ડેસીલીટર) જોખમકારક પરિબળ ગણાય છે ?

(A) 180
(B) 220
(C) 190
(D) 170

48. હાઈપરટેન્શન અને ડાયાબીટીસ ધરાવતી વ્યક્તએ કયો ખોરાક ખૂબ જ ઓછો લેવો જોઈએ ?

(A) ફાઈબરવાળો ખોરાક
(B) આખુ કઠોળ
(C) રીફાઈન્ડ અનાજ
(D) શાકભાજી

49. પોલીઆર્થરાઈટીસ કયા રોગમાં જોવા મળે છે ?

(A) સ્ટ્રોક
(B) હાઈપરટેન્શન
(C) ડેંગ્યુ
(D) રૂમેટીક ફીવર

50. વધારે પડતી પ્રેગ્નન્સી અને બાળકોના જન્મ કયા કેન્સર માટેનું જોખમી પરિબળ છે ?

(A) ગર્ભાશયના મુખનું કેન્સર
(B) અંડાશય
(C) સ્તન કેન્સર
(D) લોહીનું કેન્સર

51. ઓછામાં ઓછી કેટલી ઉંમર પછી કઠિન વ્યાયામ કરવો ઉચિત નથી ?

(A) 70 વર્ષ
(B) 50 વર્ષ
(C) 45 વર્ષ
(D) 30 વર્ષ

52. ઉંઘ બાબતે કઈ ટેવ આરોગ્યલક્ષી ગણાતી નથી ?

(A) પુખ્ય વ્યક્તિએ 9 કલાકની ઉંઘ લેવી જોઈએ.
(B) સુવાના ઓરડામાં દીવો, મીણબત્તી કે કોલસાની સગડી સળગાવી રાખવી.
(C) માત્ર એક જ ઓશિકુ રાખવું.
(D) પથારી સમતલ રાખવી.

53. બાળકોમાં દૃષ્ટિ ગુમાવવાનું મુખ્ય કારણ ભારતમાં કયું છે ?

(A) ટ્રેકોમા
(B) જન્મજાત મોતિયો
(C) વિટામીન-એ ની ઉણપ
(D) આંખમાં ઈજા

54. ફળો અને શાકશાજી વિશે કઈ બાબત યોગ્ય નથી ?

(A) ફેરિયાઓ પાસેથી કાપેલા ફળો તથા શાકભાજી ખરીદવા જોઈએ.
(B) સ્વચ્છ પાણીથી ધોયા વગર ખાવા ન જાઈએ.
(C) ઢાંકીને રાખવા જોઈએ.
(D) રોજિંદા ખોરાકમાં નિયમિત લેવા જોઈએ.

55. મહિલાઓમાં માસિક સમયની સ્વચ્છતા માટે કઈ બાબત યોગ્ય નથી ?

(A) માસિક સમય દરમ્યાન વાળ ધોવા જોઈએ.
(B) સેનીટરી પેડ કે ડાયપરનો ઉપયોગ કરી શકાય.
(C) ઈન્ટ્રાવેજીનલ ટેમ્પુન લોકપ્રિય સાધન છે.
(D) શરમ-સંકોચથી આ બાબની ચર્ચા ન કરવી.

56. કબજિયાત દૂર કરવા માટે કઈ બાબત ઉપયોગી નથી ?

(A) લીલા શાકભાજી ખાવા
(B) પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું
(C) કસરત અને વ્યાયામનો અભાવ
(D) આહારી ફાઈબરવાળો ખોરાક લેવો

57. વ્યક્તિગત સ્વચ્છતા બાબતે કયુ વિધાન સાચું નથી ?

(A) સામાન્ય પ્રકારના રોગો અટકાવવા માટે ઉપયોગી છે.

(B) અઘરી અને ખર્ચાળ ટેવો છે.

(C) તેના અભાવે લોકો સાથે સંબંધો જાળવવામાં મુશ્કેલી પડે છે.

(D) તેના અભાવે તંદુરસ્તી જળવાતી નથી.

58. ખસ-ખુજલીથી બચવા માટે કયા ઉપાયો કરવા જોઈએ ?

(A) સ્નાન કર્યા પછી નવા ધોયેલા કપડા પહેરવા જોઈએ.

(B) હાથના નખ ચોખ્ખા અને નાના રાખવા જોઈએ.

(C) દરરોજ નિયમિત સ્નાન કરવું જોઈએ.

(D) ઉપરોક્ત તમામ ઉપાયો કરવા જોઈએ.

59. 'દાદર' ની રોકથામ માટેના ઉપાયોમાં અપવાદ ...

(A) તે ભાગને સ્વચ્છ પાણી અને સાબુથી સાફ કરવો.

(B) અંદરના કપડા દરરોજ બદલો.

(C) ઓઈન્ટમેન્ટ લગાડીને ડ્રેસીંગથી ઢાંકી દો.

(D) નખ નાના અને ચોખ્ખા રાખો.

60. મનોરંજનનું ઉદાહરણ નથી.

(A) વાંચન કરવું

(B) નશાકારક પદાર્થોનું સેવન કરવું

(C) પીકનીક જવું

(D) આનંદપ્રમોદ કરવો.

61. નમુનાકિંત ચકાસણી (સેમ્પલ સર્વે) બાબતે કયું વિધાન ખોટું છે ?

(A) ઓછી ખર્ચાળ

(B) ત્વરિત પરિણામો

(C) વધુ વિશ્વાસનીય

(D) રોગચાળા સમયે ખૂબ જ ઉપયોગી છે.

62. સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (S.R.S.) અંતર્ગત ભારત સરકાર જન્મદરના કેટલા વર્ષે આંકડાઓ જાહેર કરે છે ?

(A) દર બે વર્ષે

(B) દર વર્ષે

(C) દર પાંચ વર્ષે

(D) દર દસ વર્ષે

63. પેરીનેટલ મૃત્યુદર કોના મૃત્યુને લગતી બાબત છે ?

(A) બાળકો

(B) માતાઓ

(C) કિશોરીઓ

(D) વૃધ્ધો

64. જો અવરોધ ઉભો ન કરવામાં આવે તો ભારતમાં એક સ્ત્રી કેટલા બાળકોને જન્મ આપે છે ?

(A) 1 થી 2

(B) 3 થી 4

(C) 6 થી 7

(D) 4 થી 5

65. કપલ પ્રોટેકશન રેટ કઈ બાબતને લગતો સૂચિતાંક છે ?

(A) કુલ જન્મેલ જન્મને લગતો
(B) કુલ શિક્ષિત સ્ત્રીઓને લગતો
(C) સરેરાશ આવરદાને લગતો
(D) ગર્ભનિરોધકના ઉપયોગને લગતો

66. માતા મૃત્યુ પ્રમાણની ગણતરી માટે પ્રસુતિ સંબંધિત કારણ કયુ નથી ?

(A) રક્ત સ્ત્રાવ
(B) જન્મજાત હૃદયરોગ
(C) એક્લેમ્પશિયા
(D) મુશ્કેલ સુવાવડ

67. નવપ્રસવ અવધિ એટલે શું ?

(A) જન્મથી 28 દિવસ સુધી
(B) જન્મથી 1 વર્ષ સુધી
(C) જન્મથી 5 વર્ષ સુધી
(D) જન્મથી 180 દિવસ સુધી

68. રોગના હુમલાનો દર શેના પર આધારિત છે ?

(A) તે રોગના નવા તેમજ જૂના દર્દીઓ
(B) તે રોગના નવા દર્દીઓ
(C) તે રોગથી જ થયેલ મૃત્યુ
(D) રોગથી ઉત્પન્ન થયેલ અશક્તિ

69. જાતિ પ્રમાણ (સેક્સ રેશિયો) શું દર્શાવે છે ?

(A) આર્થિક રીતે અલગ અલગ સધ્ધરતા ધરાવતા લોકોની ટકાવારી.
(B) 1000 સ્ત્રીઓ સામે પુરૂષોની સંખ્યા.
(C) અલગ અલગ જનજાતિઓની ટકાવારી.
(D) 1000 પુરૂષો સામે સ્ત્રીઓની સંખ્યા.

70. આપેલા અવલોકનમાં સૌથી વધુ વખત આવતા અવલોકનને શું કહે છે ?

(A) મધ્યસ્થ (Medium)
(B) સરેરાશ (Mean)
(C) બહુલક (Mode)
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

71. ખોરાકમાં ભેળસેળની અટકાયતનો અધિનિયમ કઈ સાલમાં ભારતની સંસદે પસાર કર્યો ?

(A) 1954
(B) 1952
(C) 1956
(D) 1958

72. આંતરરાષ્ટ્રીય બજાર માટે કઈ સંસ્થા ખાદ્યપદાર્થના પ્રમાણ બનાવે છે ?

(A) બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ
(B) આઈ.એફ.આઈ. સ્ટાન્ડર્ડ (I.F.I.)
(C) એગમાર્ક સ્ટાન્ડર્ડ
(D) કોડેક્સ એલીમેન્ટેરીસ કમીશન (CODEX ALIMENTARIUS)

73. પોષણ પુનઃસ્થાપન કેન્દ્રનું મુખ્ય હેતુ નથી ....

(A) મરણ ઘટાડવું

(B) એસ.એ.એમ. (S.A.M.) મૃત્યુદર ઘટાડવો

(C) રોગોની સારવાર અને ફોલોઅપ

(D) એસ.એ.એમ. માટેના સામાજિક પરિબળોની ઓળખ કરવી

74. નીચેના પૈકી કઈ બાબત મેરાસ્મસ ધરાવતા બાળક માટે સાચી છે ?

(A) વારંવાર અતિસાર

(B) પાતળુ સૂકલકડી દેખાવ

(C) ખાવા-પીવાની ખોટી રીત

(D) ગરીબી, ભૂખમરો

75. પોષણ ફ્લોરાઈડના અભાવે શરીર પર થતી અસર ....

(A) દાંત ઘેરા કથ્થાઈ રંગના થવા

(B) હાડકાના સાંધામાં દુઃખાવો થવો

(C) દાંતનું પોલાણ

(D) ફ્લોરોસિસ થવો

76. નીચે જણાવેલ પૈકી કયુ વિટામીન પાણીમાં દ્રાવ્ય નથી ?

(A) રીબોફ્લેવીન

(B) રેટીનોલ

(C) પાયરીડોક્ઝીન

(D) સાયનોકોબાલામીન

77. કૃમિનાશક દવાનું ઉદાહરણ ....

(A) આલ્બેન્ડાઝોલ

(B) મેટ્રોનીડાઝોલ

(C) મેગ્નેશ્યમ સલ્ફેટ

(D) સાલબ્યુટામોલ

78. નીચે જણાવેલ પદાર્થો પૈકી કયો પદાર્થ વ્યસન પેદા કરી શકે છે ?

(A) સેટ્રીઝીન

(B) એસ્પરીન

(C) ડાયસાઈક્લોમીન

(D) મોરફીન

79. રાઈ (સરસવ)ના તેલમાં શેની ભેળસેળ કરવામાં આવે છે જેથી જલોદર થાય છે ?

(A) ટ્રાયક્રિસાઈલ ફોસ્ફેટ

(B) સાર્જીમોન તેલ

(C) બી.ઓ.એ.એ.

(D) ખનીજ તેલ

80. લેડ ક્રોમેટની ભેળસેળ શેમાં કરવામાં આવે છે ?

(A) ધાણા પાવડર

(B) મરચુ પાવડર

(C) હળદર પાવડર

(D) કોફી પાવડર

81. નજીકના સગામાં લગ્ન ન કરવા તે કયા પ્રકારની રોગ અટકાયતનું ઉદાહરણ ગણાય છે ?

(A) પ્રાયમરી પ્રિવેન્શન

(B) પ્રીમોર્ડાયલ પ્રિવેન્શન

(C) દ્વિતિય પ્રિવેન્શન

(D) ટર્શીયરી પ્રિવેન્શન

82. રોગ માટેના બહુપરિબળીય કારણોના સિધ્ધાંતોનો પ્રસાર કોણે કર્યો ?

(A) પેટન કોફર

(B) જહોન સ્નો

(C) રોબર્ટ કોક

(D) લુઈસ પાશ્ચર

83. ટ્રાન્સપ્લાસેનટલ ટ્રાન્સમીશનથી કયો રોગ ફેલાય છે ?

(A) ડીપ્થેરિયા

(B) મેલેરિયા

(C) ટાયફોઈડ

(D) રૂબેલા

84. ભારતમાં અંધત્વનું મુખ્ય કારણ ....

(A) આંખની ઈજા

(B) નેત્રખીલ

(C) મોતિયો

(D) ડાયાબીટીસ

85. 'મૃત' રસીનું ઉદાહરણ ....

(A) ઓરલ પોલિયો વેક્સીન

(B) ટાયફોઈડની રસી

(C) ઓરીની રસી

(D) બી.સી.જી. રસી

86. બાળકને જન્મ સમયે અપાતી રસીનું ઉદાહરણ ....

(A) પી.સી.વી.

(B) એમ.આર. ની રસી

(C) એફ.આઈ.પી.વી.

(D) એચ.બી.વી. ની રસી

87. થીજાવેલા આઈસપેક સ્ટોર કરવા માટે શેનો ઉપયોગ થાય છે ?

(A) વેક્સીન કેરીયર

(B) કોલ્ડ બોક્સ

(C) આઈ.એલ.આર.

(D) વૉક ઈન કુલર

88. કઈ વર્તણૂંક સ્વાસ્થ્યલક્ષી વર્તણૂંક નથી ?

(A) ડૉક્ટરના બદલે મિત્રો પાસે આરોગ્યની સલાહ લેવી.

(B) નિયમિત કસરત.

(C) યૌન સંબંધી ચેપવાળી વ્યક્તિ સાથે શારિરીક સંબંધ ટાળવો.

(D) આરોગ્ય શિક્ષણનો અભાવ દૂર કરવો.

89. માતામાંથી બાળકને એઈડ્ઝ લાગતો અટકાવવા માટે કઈ દવાનો ઉપયોગ થાય છે ?

(A) એસાઈક્લોવીર

(B) રીબાવરીન

(C) નેવીરાપીન

(D) આયસોનાયાઝીડ

90. ઝીલ-નોલસન સ્ટેઈનનો ઉપયોગ કયા રોગના નિદાન માટે થાય છે ?

(A) લેપ્ટોસ્પાયરોસીસ

(B) પ્લેગ

(C) ક્ષય

(D) મેલેરિયા

91. નગરપાલિકા ઘન કચરાનો નિકાલના નિયમોમાં શેનો સમાવેશ થતો નથી ?

(A) જાહેરનામુ કરાયેલા વિસ્તારો

(B) 1986માં બનાવેલા અલગ નિયમોથી આવરી લેવાયા હોય તેવો ઔદ્યોગિક કચરો

(C) ભારતીય રેલ્વે

(D) કેન્દ્રીય સંસ્થાઓ

92. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ એક્ટ કઈ સાલથી અમલમાં આવ્યો છે ?

(A) 2010 (B) 2000

(C) 2016 (D) 2014

93. અંગત ઉપયોગના પદાર્થો જેવા કે શેમ્પુ કયા પ્રકારનો કચરો કહેવાય છે ?

(A) નિષ્કીય કચરો (B) સૂકો કચરો

(C) જોખમી કચરો (D) ભીનો કચરો

94. મ્યુનિસિપલ કચરાના ઘટકોમાં નિષ્કીય કચરો કેટલા ટકા હોય છે ?

(A) 5 થી 10 (B) 10 થી 12

(C) 12 થી 15 (D) 20 થી 25

95. કોમ્યુનીટી બેઝ ઓરગેનાઈઝેશનના 12 કુટુંબો માટે કચરો ભરવાના પાત્રની ક્ષમતા

(A) 120 લી. (150 કિગ્રા.) (B) 60 લી. (25 કિગ્રા.)

(C) 12 લી. (5 કિગ્રા.) (D) 240 લી. (96 કિગ્રા.)

96. મધ્યમ સાઈઝના શહેરના ઓછાગીચ વિસ્તાર માટે કેટલા રનીંગ મીટર રસ્તાની લંબાઈ દીઠ એક સફાઈ કામદાર હોવો જોઈએ ?

(A) 750 થી 1000 (B) 1500 થી 2000

(C) 1200 થી 1500 (D) 300 થી 500

97. વેક્યુમ-સ્વીપરમાં દર કેટલા કિલોમીટરની સફાઈ માટે વપરાશ થયા બાદ તમામ બ્રશ બદલવા જોઈએ ?

(A) 1200 કિ.મી. (B) 700 કિ.મી.

(C) 500 કિ.મી. (D) 1000 કિ.મી.

98. મ્યુનિસિપલ ઘનકચરાનો કેટલા ટકા જથ્થો પુનઃ ઉપયોગી અને જૈવ વિઘટન વિશેષતા ધરાવે છે ?

(A) 50 થી 55 (B) 80 થી 85

(C) 70 થી 75 (D) 45 થી 50

99. ભારતમાં એમ.એસ.ડબલ્યુ. વજનના કેટલા ટકા પ્લાસ્ટીકનો કચરો ઉત્પાદન થાય છે ?

(A) 9 થી 10 (B) 4 થી 5

(C) 1 થી 2 (D) 12 થી 15

100. એક ટન રીસાઈકલીંગ અને રીયુઝડ કાગળ કઈ બાબતમાં મદદરૂપ થાય છે ?

(A) 25 ઘ.મી. પાણીનો બચાવ કરે છે. (B) 7 વૃક્ષો કપાતા બચાવે છે.

(C) 100 કિ.ગ્રા. હવાનું પ્રદૂષણ અટકાવે છે. (D) 51000 કીલોવોટ ઉર્જા બચાવે છે.

101. કયા શહીદવીરની સ્મૃતિમાં બનાવેલી ખાંભી પર 'દિન ખૂન કે હમારે યારો ન ભૂલ જાના' લખાણ કંડારેલું છે ?

(A) ઉમાકાંત કડિયા
(B) ભગતસિંહ
(C) વિનોદ કિનારીવાલા
(D) મહિપાલસિંહ વાળા

102. 'બાવન ધ્વજ'ના નામે ઓળખાતું પ્રાચીન જૈન મંદિર ક્યાં આવેલું છે ?

(A) સરોત્રા (જિ. બનાસકાંઠા)
(B) ભેટાલી (જિ. સાબરકાંઠા)
(C) પાવાગઢ (જિ. પંચમહાલ)
(D) આભાપુર (જિ. સાબરકાંઠા)

103. સ્થાપત્યની દૃષ્ટિએ 'સાંપાની વાવ' કયા પ્રકારની વાવ છે ?

(A) જયા
(B) નંદા
(C) ભદ્રા
(D) વિજયા

104. સોલંકી કાળમાં 'કવિ કુંજર' અને 'સરસ્વતી કંઠાભારણ' તરીકે ખ્યાતી પામનાર વિદ્વાન કોણ હતા ?

(A) કવિશ્રી શ્રીપાલ
(B) વસ્તુપાલ
(C) તેજપાલ
(D) ઉદયપ્રભસૂરિ

105. બાવા પ્યારા નામે ઓળખાતી શૈલ-ઉત્કીર્ણ ગુફાઓ કયા જિલ્લામાં આવેલી છે ?

(A) કચ્છ
(B) રાજકોટ
(C) જૂનાગઢ
(D) સાબરકાંઠા

106. સિદ્ધરાજ જયસિંહના માળવા પરના વિજય પછી તે કયા બિરૂદ તરીકે ખ્યાતિ પામ્યો હતો ?

(A) બર્બરક જિષ્ણુ
(B) અવંતીનાથ
(C) ત્રૈલોક્યગંડ
(D) સિદ્ધચક્રવર્તિ

107. ગુજરાતનું સૌપ્રથમ 'પેટ્રોલિયમ અને પેટ્રોરસાયણ' બંદર કયું છે ?

(A) વેરાવળ
(B) સિક્કા
(C) હજીરા
(D) દહેજ

108. 2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની કુલ વસ્તીમાં બાળકોનું પ્રમાણ કેટલા ટકા છે ?

(A) 19.4%
(B) 12.9%
(C) 4.99%
(D) 8.24%

109. નીચેનામાંથી કયા પ્રકારનાં ઘેટાં "ગાલીચા" માટેના ઊન માટે જાણીતાં છે તથા લાંબા અંતરનું સ્થળાંતર કરી શકે છે ?

(A) કચ્છી
(B) ગોહિલવાડી
(C) પાટણવાડી
(D) મારવાડી

110. ભારતના બંધારણમાં 73મા બંધારણીય સુધારાનું શું મહત્વ છે ? નીચેનામાંથી શું સાચું છે ?

1. ભારતમાં પહેલીજ વાર પંચાયતો ઉભી થઈ.

2. પંચાયતો ત્રીજા સ્તરની સરકાર બની.

3. શાસનની વ્યવસ્થામાં પ્રથમવાર મહિલાઓ માટે રાજકીય અનામતની જોગવાઈ.

4. રાજ્ય નાણાં પંચની જોગવાઈ

(A) 1, 2, 3 અને 4
(B) 2, 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 2 અને 4

111. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોણ મતદાન કરી શકે છે ?

(A) સંસદના બંને ગૃહના સભ્યો

(B) રાજ્યસભાના સભ્યો

(C) તમામ રાજ્યોના વિધાનસભા અને પરિષદના સભ્યો

(D) તમામ રાજ્યોના વિધાનસભા સભ્યો

112. ભારતમાં કયું ન્યાયાલય 'નઝીરી અદાલત' અથવા 'અભિલેખ ન્યાયાલય' પણ કહેવાય છે ?

(A) ઉચ્ચન્યાયાલય
(B) લોકઅદાલત
(C) સર્વોચ્ચ ન્યાયાલય
(D) દિવાની ન્યાયાલય

113. જાહેર વહીવટનું વિષયવસ્તુ શું છે ?

1. સરકાર કયા કામો કરે છે ?

2. સરકાર કેવી રીતે નાણાં એકત્ર કરે છે ?

3. વહીવટ લોકો પ્રત્યે કેવી રીતે ઉત્તરદાયી છે ?

4. વહીવટ કેવી રીતે થાય છે ?

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 1, 2, 3 અને 4
(D) 1, 2 અને 3

114. ભારતના બંધારણમાં કઈ સનદી સેવાઓનો ઉલ્લેખ છે ?

1. ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ

2. ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ

3. ઇન્ડિયન પોલીસ સર્વિસ

4. ઓલ ઇન્ડિયા જ્યુડિશિયલ સર્વિસ

5. ઇન્ડિયન ફૉરેન સર્વિસ

ઉપરનામાંથી શું સાચું છે ?

(A) 1, 2 અને 4
(B) 1, 4 અને 5
(C) 1, 3 અને 4
(D) 1, 3 અને 5

115. તાજેતરમાં એશિયન કબડ્ડી ચેમ્પિયનશીપ 2023નું આયોજન થયેલ, જેમાં ભારતીય ટીમના કેપ્ટન તરીકે કોણે મહત્વની ભૂમિકા ભજવી હતી ?

(A) અજય ઠાકુર
(B) પ્રદિપ નરવાલ
(C) સિધ્ધાર્થ શિરીષ દેસાઈ
(D) પવન સેહરાવત

116. મહિલા ખેલાડીઓ 'નિખત ઝરીન' અને 'લવલીના બોર્ગોહેન' કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) બોક્સિંગ
(B) સ્વિમિંગ
(C) તિરંદાજી
(D) ટેનિસ

117. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદમાં સુધારા સૂચવનાર ભારતીય વૈજ્ઞાનિક કોણ હતા ?

(A) ડૉ. જયંત નાર્લીકર
(B) ડૉ. કે. એસ. ક્રિશ્નન
(C) ડૉ. સી. વી. રામન
(D) ડૉ. મેઘનાદ સહા

118. ભૂગર્ભ અણુપ્રયોગ માટે હાઈ ઓલ્ટિટ્યૂડ લેબોરેટરીની સ્થાપના કયા કયા સ્થળે કરવામાં આવી છે ?

(A) કાકરાપાર, સુરત
(B) બેંગ્લૂરુ અને શ્રીનગર
(C) પોખરણ અને કલકત્તા
(D) પૂણે અને લખનૌ

119. કયું વિટામીન પ્રજનન ક્ષમતા માટે જરૂરી છે ?

(A) વિટામીન - કે
(B) વિટામીન - એ
(C) વિટામીન - ઈ
(D) વિટામીન - ડી

120. તાજેતરમાં 'મેટ્ટી બનાના / મેટ્ટી કેળાં'ને GI ટેગ આપવામાં આવ્યો છે, તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) તામિલનાડુ
(B) કેરળ
(C) આંધ્રપ્રદેશ
(D) ગોવા

121. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર ઇનામ નાબૂદી કાયદા હેઠળની જમીનના કબજા હક્ક નિયમબધ્ધ કરવા માટે વર્તમાન જંત્રીના કેટલા ટકા કિંમત ચૂકવવી પડશે ?

(A) 10%
(B) 20%
(C) 30%
(D) 40%

122. વિશ્વકર્મા યોજના વિષે નીચેના પૈકી કયાં વિધાન સાચાં છે ?

1. પરંપરાગત હસ્તકલા કૉશલ્ય ધરાવતા ઓબીસી સમુદાય માટેની યોજના.

2. કૌશલ્ય પ્રશિક્ષણ માટે રૂા. 5000 અને આધુનિક સાધન ખરીદી માટે રૂા. 15000 નું સ્ટાઈપેન્ડ અપાશે.

(A) 1 અને 2
(B) માત્ર 1
(C) માત્ર 2
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

123. યોજનાની વિશેષતાઓને આધારે યોજનાની ઓળખ કરો.

1. કૃષિ પ્રવૃત્તિઓ માટે મહિલા સ્વસહાય જૂથોને ડ્રોન ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

2. મહિલાઓને કૌશલ્ય પ્રશિક્ષણ આપવામાં આવશે જેથી વાર્ષિક 1 લાખ રૂા. થી વધુ કમાણી કરી શકે.

(A) સી.બી.એસ.ઈ. ઉડાન યોજના
(B) લાડલી લક્ષ્મી યોજના
(C) ભાગ્યશ્રી યોજના
(D) લખપતિ દીદી યોજના

124. એક જ કમ્પ્યૂટરમાં એક કરતાં વધારે માઈક્રોપ્રોસેસર આવેલા હોય તેવા કોમ્પ્યુટર પર કામ કરવા કઈ OSની જરૂર પડે ?

(A) મલ્ટીટાસ્કિંગ
(B) મલ્ટીથ્રેડિંગ
(C) મલ્ટીયુઝર
(D) મલ્ટીપ્રોસેસર

125. **HTTPનું પૂર્ણ નામ શું છે ?**

**(A) Hypertext Transfer Protocol**
**(B) Hypertext Transition Protocol**
**(C) Hypertext Transfer Programme**
**(D) Hypertext Transition Programme**

126. જો **PALE** નો કોડ **2134**, **EARTH** નો કોડ **41590**. તો **PEARL** નો કોડ કયો હોય ?

**(A) 29530**
**(B) 24153**
**(C) 25413**
**(D) 25430**

127. પ્રશ્નાર્થની જગ્યાએ કયો વિકલ્પ આવશે ?

**117, 104, 91, 78, _?_**

**(A) 65**
**(B) 60**
**(C) 62**
**(D) 54**

128. એક વર્ગના **300** વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, તેમાંથી **10%** ને **A** ગ્રેડ મળ્યો, **20%** ને **B+**, **30%** ને **B** ગ્રેડ અને **17%** ને **C** ગ્રેડ મળ્યો, તો પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાં કેટલા વિદ્યાર્થી નાપાસ થયા હશે ?

**(A) 65**
**(B) 63**
**(C) 75**
**(D) 69**

129. આપત્તિ પ્રભાવ અથવા તેની અસરો ઘટાડવાના હેતુથી લેવાનાર પગલાં એટલે ....

(A) પુનઃનિર્માણ
(B) પુર્નવસન
(C) મિટિગેશન
(D) નિવારણ

130. ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણને લગતી બાબતો સંદર્ભે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયું પુસ્તક લખ્યું છે ?

**(A) "Convenient Action : Gujarat's Response to challanges of climate change"**
**(B) The Convenient Environment**
**(C) Action for Global Warming**
**(D) The Action on Environment**

131. નીચે આપેલ જોડ પૈકી કઈ જોડ ખોટી છે તે જણાવો.

(A) ધરતીનું લૂણ - સ્વામી આનંદ

(B) ઘમ્મર વલોણું - ઝવેરચંદ મેઘાણી

(C) કુરૂક્ષેત્ર - મનુભાઈ પંચોળી

(D) હિન્દુ ધર્મની બાળપોથી - આનંદશંકર ધ્રુવ

132. 'રાધાનો અવતાર' તરીકે કોણ ઓળખાય છે ?

(A) ગંગાસતી

(B) પાનબાઈ

(C) દાસી જીવણ

(D) મીરાંબાઈ

133. હેમચંદ્રાચાર્યએ આપેલ વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'માં દુહાઓ કયા રસના છે ?

(A) રૂદ્ર

(B) વ્યાકરણ

(C) શૌર્ય અને પ્રેમ

(D) કરૂણ

134. કયા સાહિત્યકારે 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તક દ્વારા ગુજરાતી - પ્રવાસ સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે ?

(A) રઘુવીર ચૌધરી

(B) મધુરાય

(C) ધ્રુવ ભટ્ટ

(D) અમૃતલાલ વેગડ

135. ગુજરાતી સાહિત્યના યુગને યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. ગાંધી યુગ 2. ગોવર્ધન યુગ 3. સુધારક યુગ 4. આધુનિક યુગ

(A) 1, 2, 3, 4

(B) 2, 3, 1, 4

(C) 3, 2, 1, 4

(D) 4, 2, 3, 1

136. 'રાજિયા' કોને કહેવાય છે ?

(A) એક જ રાગમાં ગવાતા પાંચ કડીના પદ

(B) મૃત્યુ પ્રસંગે ગાવામાં આવતા શોકગીત

(C) બે ચાર લીટીમાં લખાયેલા મધ્યકાલીન સાહિત્યનો પ્રકાર

(D) જ્ઞાન આધારિત સાહિત્યનો પ્રકાર

137. નીચે આપેલ જોડ યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. ઉમાશંકર જોશી | a. કૃષ્ણકુમારી |
| 2. પન્નાલાલ પટેલ | b. વિરહ માધુરી |
| 3. રાજેન્દ્ર શાહ | c. મળેલા જીવ |
| 4. નર્મદાશંકર | d. નિશિથ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(B) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d

(D) 1 - b, 2 - d, 3 - a, 4 - c

138. લોથલ ટીંબામાંથી એક મૃતભાંડ મળી આવેલું છે જેના પર .......... તળપદી વાર્તા ચિત્રીતરૂપે પ્રદર્શિત થઈ છે.

(A) ચતુર કાગડો અને હરણ

(B) સસલું અને કાચબો

(C) વાંદરો અને મગર

(D) તરસ્યો કાગડો

139. ચારણ કન્યા કાવ્યના કવિ કોણ છે ?

(A) જયંત પાઠક

(B) દુલા ભાયા કાગ

(C) ઝવેરચંદ મેઘાણી

(D) રમેશ પારેખ

140. સંપૂર્ણ ગુજરાત સરકાર દ્વારા ચાલતી સાહિત્યિક સંસ્થા કઈ છે ?

(A) પ્રેમાનંદ સાહિત્યસભા

(B) ગુજરાત વિદ્યાસભા

(C) ગુજરાત સાહિત્ય અકાદમી

(D) ગુજરાત સાહિત્ય પરિષદ

141. નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ સમજાવો.

"જીભના ઝપાટા મારવા"

(A) આ તરફ કે પેલી તરફ બોલવું

(B) ગપ્પા મારવા

(C) જુદા જુદા સ્વાદ માણવાં

(D) જીવ બળી જાય તેવાં વેણ કહેવા

142. નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

"હોળી ખેલવા નીકળેલો ઘેરમાંનો માણસ"

(A) હોળૈયો

(B) ફાગણીયો

(C) ઘેરૈયો

(D) ધુલૈયો

143. નીચે આપેલ શબ્દ પૈકી સાચી જોડણીવાળો શબ્દ પસંદ કરો.

(A) ભીખારી

(B) ભિખારિ

(C) ભિખારી

(D) ભીખારિ

144. નીચે આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

"ચાપ"

(A) ધનુષ્ય

(B) વાંસળી

(C) શુકન

(D) તન

145. નીચે આપેલ શબ્દની સંધિ જોડો.

વિ + સમ

(A) વિસમ

(B) વિષમ

(C) વીષમ

(D) વીસમ

146. "ખાટી છાશે ભીજવી ગગરી કળશિયા માંજી સોને મઢી દે" - આ પંક્તિનો છંદ ઓળખાવો.

(A) મનહર

(B) દોહરો

(C) સ્રગ્ધરા

(D) પૃથ્વી

147. "નટવર નીરખ્યાં નેન તે...." - આ વાક્યનો અલંકાર જણાવો.

(A) અનન્વય

(B) શબ્દાનુપ્રાસ

(C) વર્ણસગાઈ

(D) ઉપમા

148. ગુણજશ - શબ્દનો સમાસ જણાવો.

(A) દ્વંદ્વ

(B) ઉપપદ ૮

(C) તત્પુરુષ

(D) આપેલ પૈકી કોઈ નહીં

149. "પરમેશ્વર પાધરો તો વેરી આંધળો" - કહેવતનો સાચા અર્થવાળો વિકલ્પ શોધો.

(A) અંધશ્રદ્ધાથી ઈશ્વર પ્રાપ્ત થતા હોય તો બધા એમ જ કહે.

(B) ઈશ્વરની કૃપા હોય તો કોઈ નુકશાન કરી શકે નહિ.

(C) ભક્તિ કરશો તો ભગવાન કળશે.

(D) ભગવાન સૌને સુખી રાખે.

150. નીચેનામાંથી અનન્વય અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) મા તે મા

(B) વૃક્ષો ઋતુની રાહ જોતાં રહે છે.

(C) સતી ખેદ હતી જોતી વદને વધતો જતો !

(D) સુણ ચક્ષુ ! હું પાંગળું, તું મારું